**દિવ્યાંગ વ્યક્તિઓ માટે સરકારી સેવાઓમાં અનામત રાખેલ જગ્યાઓ પર કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂંક થઇ શકે તે અંગે વિચારણા કરવા મળેલ પેટા તજજ્ઞ સમિતિની તા.૨૪/૧૨/૨૦૨૦ના રોજ ૧૧:૩૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.**

૧. ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે તા.૨૪/૧૨/૨૦૨૦ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે બેઠક મળેલ. આ બેઠકનું આયોજન નીચે જણાવેલ બે વિભાગો હસ્તકના સંવર્ગોમાં ઉમેદવારી કરવા લાયક દિવ્યાંગોની દિવ્યાંગતા સુનિશ્ચિત(post identification) કરવાની દરખાસ્ત પર ચર્ચા-વિચારણા હેતુ કરવામાં આવેલ.

- **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ- ૨ જગ્યાઓમાં** દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા બાબતની દરખાસ્ત.
- **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ ગાંધીનગર મહાનગરપાલિકાની કુલ ૪૩** જગ્યાઓમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા/ અનામતમાંથી મુક્તિ આપવા અંગેની દરખાસ્ત.

૨. આ બેઠકમાં નીચે મુજબના સમિતિના સભ્યશ્રીઓ તથા આમંત્રિત તજજ્ઞો હાજર રહેલ.

1. અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) & I/C કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના,
2. નાયબ સચિવશ્રી (કર્મચારીગણ), સામાન્ય વહીવટ વિભાગ.
3. નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
4. નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા.
5. નાયબ કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.
6. કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ વતી ડૉ. અજય ચૌહાણ.
7. ડૉ. ઇલા બી. ઉપાધ્યાય, પ્રોફેસર & HOD (ENT), બી.જે.મેડિકલ કોલેજ, અમદાવાદ.
8. ડૉ. સોનાલી એસ. શાહ, પ્રોફેસર, એમ. જે. ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઓપ્થેમોલોજી, અમદાવાદ.
9. ડૉ. મીનાક્ષી પરીખ, પ્રોફેસર & HOD (મનોચિકિત્સા), બી.જે.મેડિકલ કોલેજ, અમદાવાદ
10. ડૉ. પિયુષ એસ. મિત્તલ, પ્રોફેસર (ઓર્થોપેડિક્સ), બી.જે.મેડિકલ કોલેજ, અમદાવાદ.

ઉક્ત બંન્ને વિભાગ તરફથી રજૂ થયેલ દરખાસ્તને સંબધિત અધિકારીઓ તથા સંબધિત કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતાં.

૩. તજજ્ઞ સમિતિની તા.૨૪/૧૧/૨૦૨૦ના રોજ યોજાયેલ બેઠકમાં અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)એ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની એક્સ.રે આસીસ્ટન્ટ (વર્ગ-૩) અને ફિઝીયોથેરાપીસ્ટ (વર્ગ-૩) સંવર્ગ માટે તથા અન્ય સંવર્ગની દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવા અંગે Blind(B), Low Vision (LV) તથા Hard of Hearing (HH) કેટેગરીમાં Disability Percentage (%) નિશ્ચિત કરવા માટે નેત્ર ચિકિત્સક(ophthalmologist), ENT સર્જનનો અભિપ્રાય લેવા સૂચન કરેલ જે મુજબ તા.૨૪/૧૨/૨૦૨૦ની બેઠકમાં ઉપર દર્શાવેલ ક્રમ ૭ થી ૧૦ મુજબના તજજ્ઞ તબીબો બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

૪. દિવ્યાંગો માટે RPwD Act, 2016ની કલમ નં. ૩૪માં દર્શાવેલ દિવ્યાંગતાના પ્રકાર પૈકી જુથ A માં દર્શાવેલ low vision માટે ટકાવારી નક્કી કરવા માટે અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)એ એક્ટમાં કરવામાં આવેલ જોગવાઇ તથા તજજ્ઞ સમિતિના કાર્ય વિશે પ્રાથમિક સમજ આપી ડૉ. સોનાલી એસ. શાહને સરકારી નોકરીઓમાં દિવ્યાંગતાના પ્રકાર માટે low visionમાં કેટલી ટકાવારી માન્ય રાખી શકાય તે અંગે અભિપ્રાય આપવા જણાવ્યું. જે અન્વયે ડૉ. સોનાલી એસ. શાહ દ્વારા સરકારી નોકરીઓમાં low vision કેટેગરીમાં ૪૦ થી ૭૦ % સુધીની ટકાવારી માન્ય રાખવી યોગ્ય રહેશે તેવો અભિપ્રાય આપ્યો.

૫. ત્યારબાદ Hard of Hearing (HH) કેટેગરી માટે ડૉ. ઇલા બી. ઉપાધ્યાયને અભિપ્રાય આપવા તજજ્ઞ સમિતિ દ્વારા વિનંતી કરવામાં આવી. RPwD Act, 2016ની અનુસૂચિમાં Hard of Hearing માટે 60 DB to 70 DB સુધીની શ્રવણની ખામી ધરાવતા વ્યક્તિને વ્યાખ્યાયિત કરેલ છે. ડૉ. ઇલા બી. ઉપાધ્યાય દ્વારા રાજ્યમાં દિવ્યાંગોને આપવામાં આવતા સર્ટીફિકેટમાં શ્રવણની ખામી ટકાવારીમાં દર્શાવવામાં આવતી હોવાનું જણાવ્યુ. એક્ટમાં દર્શાવેલ 60 DB to 70 DB મુજબ Hard of Hearing કેટેગરી માટે ૪૦ થી ૭૦ %ની ટકાવારી નોકરી માટે યોગ્ય હોવાનો અભિપ્રાય આપ્યો.

૬. ત્યારબાદ ડૉ. મીનાક્ષી પરીખ દ્વારા specific learning disability(SLD) અંગે તજજ્ઞ સમિતિને વિસ્તૃત માહિતી આપવામાં આવી. SLD પ્રકારની દિવ્યાંગતા ધરાવતો વ્યક્તિ લખવામાં, વાંચવામાં અથવા ગણિતમાં મુશ્કેલી અનુભવતો હોય છે. આ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ જે તે સંવર્ગ મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય તો તેને જે તે સંવર્ગ માટે યોગ્ય ગણી શકાય તેવો અભિપ્રાય આપ્યો ત્યારબાદ લોકોમોટર ડિસેબિલીટી માટે ડૉ. પિયુષ એસ. મિત્તલ દ્વારા તજજ્ઞ સમિતિને માહિતી આપવામાં આવી. દિવ્યાંગોને આપવામાં આવતા સર્ટિફિકેટમાં દિવ્યાંગ વ્યક્તિ હલનચલન કરી શકે છે કે નહિ તે દર્શાવવામાં આવતુ ન હોવાનું જણાવ્યું.

૭. ઉપર મુજબની ચર્ચા બાદ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ ગાંધીનગર મહાનગરપાલિકાની દરેક સંવર્ગની કામગીરી ધ્યાને લઇ, કઇ દિવ્યાંગતાના પ્રકાર ધરાવતી વ્યક્તિ ચાલી શકે તે માટે તબીબોનો અભિપ્રાય લઇ, તજજ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબની દિવ્યાંગતાને માન્યતા આપવામાં આવી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની નીચે મુજબના ૨ સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | એક્સ.રે આસીસ્ટન્ટ | 3 | - | DF, HH | LC, CP, D, MDy, AAV, LD | Any person I.D deemed fit for X-Ray asst course by an expert panel | – | **HH (40-70%)** | **OA, OL, OAL, D, LC, AAV, CP, MDy** | **A, SLD** |
| ૨ | ફીઝીયોથેરાપીસ્ટ | 3 | B, LV | DF, HH | LC, CP, D, MDy, AAV, LD | Any person I.D deemed fit for Physiotherapy course by an expert panel | **LV (40 - 70%)** | **HH (40-70%)** | **OA, OL, OAL, D, LC, AAV, CP, MDy** | **SLD** |

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ ગાંધીનગર મહાનગરપાલિકાની નીચે મુજબના કુલ ૪૩ સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D &E | A | B | C | D & E |
| ૧ | મદદનીશ ઇજનેર (સિવિલ) | ૨ | - | HH | OA, OL | - | – | **HH (40-70)%** | **OA, OL, D, LC, AAV** | **SLD** |
| ૨ | મદદનીશ ઇજનેર (યાંત્રિક) | ૨ | - | HH | OA, OL | - | – | **HH (40-70)%** | **OA, OL, D, LC, AAV** | **SLD** |
| 3 | મદદનીશ ઇજનેર (વિદ્યુત) | ૨ | - | HH | OL | - | – | **HH (40-70)%** | **OA, OL, D, LC, AAV** | **SLD** |
| ૪ | હેલ્થ ઓફિસર | ૨ | - | - | OA, OL | - | – | **HH (40-70)%** | **OA, D, LC, AAV** | **SLD** |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | એસ્ટેટ ઓફિસર | ૨ | - | HH | OA, OL, OLA | - | – | HH (40-70)% | OA,OL,OLA, D, LC, AAV | SLD |
| ૬ | બાયોજીસ્ટ | ૨ | LV (40-70)% | HH | OA, OL, OLA | - | LV (40-70)% | HH (40-70)% | OA, OL, D, LC, AAV | SLD |
| ૭ | ડેઝીગ્નેટ ઓફિસર | ૨ | - | - | - | - | LV (40-70)% | HH (40-70)% | OA, OL, OLA, OAOL, OABL, D, LC, AAV | SLD |
| ૮ | ઝોનલ ઓફિસર | ૨ | - | HH | BL, OH | - | LV (40-70)% | HH (40-70)% | OA, OL, OLA, OAOL, OABL, D, LC, AAV | SLD |
| ૯ | પબ્લીક રિલેશન ઓફિસર | ૨ | LV | - | OA, OL, BL | - | LV (40-70)% | HH (40-70)% | OA, OL, OLA, D, LC, AAV | SLD |
| ૧૦ | લીગલ ઓફિસર | ૨ | B, LV | - | OA, OL, OLA, BL, BLOA | - | LV (40-70)% | HH (40-70)% | OA, OL, OAL,BL, D, LC, AAV | - |
| ૧૧ | અધિક મદદનીશ ઇજનેર(સિવિલ) | 3 | - | HH | OA, OL | - | - | HH (40-70)% | OA, OL, D, LC, AAV | SLD |
| ૧૨ | અધિક મદદનીશ ઇજનેર(યાંત્રિક) | 3 | - | HH | OA, OL | - | - | HH (40-70)% | OA, OL, D, LC, AAV | SLD |
| ૧૩ | અધિક મદદનીશ ઇજનેર(વિદ્યુત) | 3 | - | HH | OL | - | - | HH (40-70)% | OA, OL, D, LC, AAV | SLD |
| ૧૪ | કચેરી અધિક્ષક | 3 | LV | HH | OA, OL, OAL,BL,BLOA, D, LC, AAV,MDy | SLD | LV (40-70)% | HH (40-70)% | OA, OL, OAL,BL,BLOA, D, LC, AAV, MDy | SLD |
| ૧૫ | મદદનીશ શ્રમ અધિકારી | 3 | B, LV | HH | OA, OL, BL | - | LV (40-70)% | HH (40-70)% | OA, OL, BL,OAL, BLOA, D, LC, AAV, MDy | SLD |
| ૧૬ | ઇ.ડી.પી. મેનેજર | 3 | LV | HH | OA, OL | - | LV (40-70)% | HH (40-70)% | OA, OL, OAL,BL,BLOA, D, LC, AAV, MDy | SLD |
| ૧૭ | સિસ્ટમ એનાલિસ્ટ | 3 | LV | HH | OA, OL, BL | - | LV (40-70)% | HH (40-70)% | OA, OL, OAL,BL,BLOA, D, LC, AAV, MDy | SLD |
| ૧૮ | દબાણ નિરીક્ષક | 3 | LV, | HH | OA, CP, LC, AAV,D | SLD | LV (40-70)% | HH (40-70)% | OA, OL, OAL, CP, D, LC, AAV | SLD |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | કાયદા મદદનીશ | 3 | B, LV | - | OA,OL, OAL, BL | - | **LV** (40-70)% | **HH** (40-70)% | **OA, OL, OAL,BL, D, LC, AAV** | |
| ૨૦ | બાગાયત સુપરવાઇઝર | 3 | - | HH | OA, OL, BL | - | **-** | **HH** (40-70)% | **OA, OL, OAL** | **SLD** |
| ૨૧ | નાયબ હિસાબનીશ/નાયબ ઓડિટર | 3 | - | HH | OA, OL, OAL, BL | - | **-** | **HH** (40-70)% | **OA, OL, OAL, BL, LC, D, AAV, MDy** | **-** |
| ૨૨ | મદદનીશ એન્ટોમોલિજીસ્ટ | 3 | LV | HH | AAV, D | - | **LV** (40-70)% | **HH** (40-70)% | **OA, OL, OAL, LC, D, AAV** | **SLD** |
| ૨૩ | ખાધ્ય નિરીક્ષક | 3 | - | HH | OA, OL, OAL, BL, | - | - | **HH** (40-70)% | **OA, OL, OAL, BL,** | **SLD** |
| ૨૪ | હેડ ક્લાર્ક | 3 | LV | HH | OA, OL, OAL, BL, BLOA, D, LC, AAV, CP, MDy | SLD | **LV** (40-70)% | **HH** (40-70)% | **OA, OL, OAL,BL,BL OA, LC, D, AAV, MDy** | **SLD** |
| ૨૫ | ટેકનિકલ સુપરવાઇઝર | 3 | - | HH | OA, OL, OAL | - | કેડરની સ્ટ્રેન્થ ધ્યાને લેતા દિવ્યાંગ અનામતમાંથી મુક્તિ હોઇ, દિવ્યાંગતા નક્કી કરેલ નથી. | | | |
| ૨૬ | મદદનીશ હિસાબનીશ/ મદદનીશ ઓડિટર | 3 | - | HH | OA, OL, BL | - | **-** | **HH** (40-70)% | **OA, OL, OAOL, BL, LC, D, AAV, MDy** | **-** |
| ૨૭ | શોપ ઇન્સ્પેકટર | 3 | - | HH | OL | - | **-** | **HH** (40-70)% | **OA, OL, OAOL, CP, D, LC, AAV** | **SLD** |
| ૨૮ | સ્ટોરકીપર (મિકેનિકલ/ઓટો) | 3 | - | HH | OA, OL | - | ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરીની જે તે કેડરની સ્ટ્રેન્થ ધ્યાને લેતા દિવ્યાંગ અનામતમાંથી મુક્તિ હોઇ, તજજ્ઞ સમિતિ દ્વારા દિવ્યાંગતા નક્કી કરેલ નથી. | | | |
| ૨૯ | મેનેજર (સિટી બસ) | 3 | - | HH | OA, OL | - | | | | |
| 30 | સિનિયર મિકેનિક | 3 | - | HH | OL | - | | | | |
| ૩૧ | લાઇબ્રેરિયન | 3 | LV | HH | OL, OA | - | | | | |
| ૩૨ | બાગાયત મદદનીશ | 3 | LV | HH | OL, OA | - | **-** | **HH** (40-70)% | **OA, OL, OAOL,** | **SLD** |
| 33 | સહાયક હિસાબનીશ/ સહાયક ઓડિટેર | 3 | - | HH | OA, OL, OAL, BL | - | **-** | **HH** (40-70)% | **OA, OL, OAOL,, BL, LC, D, AAV, MDy** | **-** |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૪ | ટેકનિકલ આસીસ્ટન્ટ (પર્યાવરણ) | 3 | - | HH | OA, OL, OAL, | - | **LV** (40-70)% | **HH** (40-70)% | **OA, OL, OAOL, LC, D, AAV** | **SLD** |
| ૩૫ | પશુધન નિરીક્ષક | 3 | LV | HH | OA, OL, OAOL, CP, AAV, MDy, D, LC | SLD | **LV** (40-70)% | **HH** (40-70)% | **OA, OL, OAOL, CP, LC, D, AAV, MDy** | **SLD** |
| ૩૬ | જુનિયર મિકેનિક | 3 | - | HH | OL | - | - | **HH** (40-70)% | **OL, LC, D, AAV** | - |
| ૩૭ | ઇલેક્ટ્રીશયન (ઓટોમોબાઇલ) | 3 | - | HH | OL | - | - | **HH** (40-70)% | **OL, LC, D, AAV** | - |
| ૩૮ | આસીસ્ટન્ટ મિકેનિક | 3 | - | HH | OL | - | - | **HH** (40-70)% | **OL, LC, D, AAV** | - |
| ૩૯ | મદદનીશ ખાદ્ય નિરીક્ષક | 3 | - | HH | OA, OL, OAL, BL | - | - | **HH** (40-70)% | **OA, OL, OAL, BL,** | **SLD** |
| ૪૦ | ટેલિફોન ઓપરેટર | 3 | B, LV | - | OA, OL, OAL, BL | - | **B, LV** (40-70)% | **HH** (40-70)% | **OA, OL, OAOL, OAOL, BL, CP, LC, D, AAV** | **A, ID, SLD** |
| ૪૧ | સબ ફાયર ઓફિસર | 3 | જગ્યાની કામગીરીને ધ્યાને લઇ દિવ્યાંગ અનામતમાંથી મુક્તિ આપવા દરખાસ્ત કરેલ છે. | | | | તજજ્ઞ સમિતિ દ્વારા જગ્યાની કામગીરીને ધ્યાને લઇ આ ચાર જગ્યાઓને દિવ્યાંગ અનામતમાંથી મુક્તિ આપેલ છે. | | | |
| ૪૨ | લિડીંગ ફાયરમેન/ જમાદાર | 3 | | | | | | | | |
| ૪૩ | ડ્રાયવર | 3 | | | | | | | | |
| ૪૪ | ફાયરમેન | ૪ | | | | | | | | |
| ૪૫ | મ્યુનિસિપલ સેક્રેટરી | ૧ | B, LV | HH | OA, OL,OAL, BL, BLOA, D, LC, CP, AAV, MDy | SLD | કેડરની સ્ટ્રેન્થ ધ્યાને લેતા દિવ્યાંગ અનામતમાંથી મુક્તિ હોઇ, દિવ્યાંગતા નક્કી કરેલ નથી. | | | |

{ Code and functional classification:- Blind (**B**), Low vision (**LV**), Fully Deaf (**DF**), Hard of hearing(**HH**), [Locomotor disability (**LD**) :- **OA** (one arm), **OL**(one leg), **BA**(both arm), **BH**(both hands), **OAL**(one arm one leg) , **BLA**(both legs and arms) , **BLOA**( both legs one arm), **OABL**(one arm both legs), **BAOL**(both arms one leg), **BABL**(both arms both leg), **OAOL**(one arm one leg) ], Cerebral palsy (**CP**), Leprosy cured (**LC**), Dwarfism (**D**), Acid attack victim(**AAV**), Muscular dystrophy (**MDy**), Autism (**A**), Intellectual disability(**ID**), Specific learning disability (**SLD**), Mental illness (**M**), [Multiple Disabilities **(MD)** -Disabilities included in group **(A)** to **(D)**]. }

[signature]

૮. અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા બાકી ન હોઇ, હાજર સૌનો આભાર માની અધિક મુખ્ય સચિવશ્રીએ બેઠક સમાપ્ત કરી.

(જી.પી.પટેલ)
નાયબ સચિવ અને સભ્ય સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

(ડૉ. અજય ચૌહાણ)
S.P.O.M.H.
કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ
અને તબીબી શિક્ષણની કચેરી

(એચ.એન.વાળા)
નાયબ નિયામક
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી

(કે.કે. પટેલ)
નાયબ સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ

(બી.જી. મેનવાલે)
નાયબ કમિશનરશ્રી,
કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિ માટેનાની કચેરી

5/1/21
(મનોજ અગ્રવાલ)
અધિક મુખ્ય સચિવશ્રી અને અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.